# વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ મંત્રી શ્રી રમણલાલ વોરાએ રાજ્યપાલશ્રીની શુભેચ્છા મૂલાકાત લઈ પ્રાકૃતિક ખેતી અંગે વિચાર વિમર્શ કર્યો

તા. ૩૧/૦૭/૨૦૧૯, રાજભવન, ગાંધીનગર

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની ગુજરાત રાજ્યના અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ મંત્રીશ્રી રમણલાલ વોરાએ શુભેચ્છા મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતી અંગે તેઓશ્રી સાથે વિચાર વિમર્શ કર્યો હતો.

રાજભવન ગાંધીનગર ખાતે વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ મંત્રીશ્રી રમણલાલ વોરાએ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીને ગુજરાતના રાજ્યપાલ તરીકે કાર્યભાર સંભાળવા બદલ શુભેચ્છા પાઠવી હતી. મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીને ગુજરાતના સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક વૈવિધ્યથી તેમણે માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે શ્રી વોરા સાથે ઉપસ્થિત ખેડૂત મિત્રોને રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીના અનેકવિધ ફાયદા જણાવી વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તેવો અનુરોધ કર્યો હતો.